ગાંધીનગર સમાચાર

૨૦૨૦

આ બે હજાર વીસનું વરસ તમને કેવું લાગ્યું? ક્યારેય વિચાર્યું પણ ના હોય એવું, જીવનનું સૌથી ખરાબ વરસ, કે બીજું પણ ગણું આપણે કહી શકીએ! કુદરત પણ જાણે ૨૦-૨૦ રમવાના મૂડમાં આવી ગઈ છે!

આ વરસની શરૂઆત થઈ ત્યારની દુનિયામાં ઉથલપાથલ ચાલું થઈ ગયેલી અને આ વરસના અંત સુધીમાં હજી શું શું ઘટશે એનાથી આપણે તદ્દન અજાણ છીએ. ઢગલો મુશ્કેલીઓ અને મુસીબતોની વચ્ચે મને લાગે છે કે આ વરસ આપણાં બધાના જીવનનું ખૂબ જ મહત્વનું વરસ બની રહ્યું છે. કુદરતે જાણે આપણને ફરજિયાત એકવાર ફરીથી, શાંતિથી વિચારવા મજબૂર કર્યા છે. આગળ આપણે જે જે ભૂલો કરતાં આવ્યા છીએ એને ઠીક કરવાનો એક મોકો આપ્યો છે!

આટલા દિવસો ઘરમાં પરિવાર સાથે પુરાયેલા રહ્યા બાદ કેટલા બધા લોકોને સંતોષ નામનું જીવડું કરડી ગયું. જે છે, જેટલું છે એટલું બસ છે, હવે બસ શાંતિથી, પ્રેમથી કુદરતને અનુરૂપ થઈને જીવવું છે! આવું મનાવવાળો એક આખો વર્ગ તૈયાર થઈ ગયો છે. આ સૌથી સુંદર વાત છે આ સમયની. જો દરેક માણસ આવું વિચારતો અને એને અમલમાં મૂકતો થઈ જાય તો આ દુનિયા કેટલી બદલાઈ જાય... પરિવારિક મૂલ્યો અને પોતાની પાસે જે હોય એમાં જ સંતોષ માનીને જીવવું, બીજાની ઈર્ષા ના કરવી આવું બધું વિચારવાનો સમય બીજા કોઈ સંજોગોમાં મળ્યો હોત ખરો?

કેટલાકને અત્યારે નજીકના ભવિષ્યમાં વિકાસની ઉજ્જવળ તકો દેખાઈ રહી છે. આખી દુનિયામાં ભારતનો

લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

ડંકો વગાડવાનો સમય જાણે હાંકલ કરી રહ્યો છે અને કેટલાય લોકો આ તકનો લાભ લેવા તૈયાર બેઠા છે. જો આવું થાય તોય સારું જ છે. માન્યું કે સપના જોવા સરળ છે અને એને હકીકતમાં ફેરવવા લોઢાનાં ચણા ચાવવા જેવું કઠિન પણ ભાઈસાહેબ ક્યાંકથી તો શરૂઆત કરવી પડશેને? આજે સપના જોશે તો કાલે એને પૂરા કરવાનું વિચારશો અને નસીબની યારી રહી તો સપનું સાચું પણ પડી જાય...

ગણા બધા લોકો એવા પણ છે જેમને આ બધાથી કોઈ ફરક નથી પડ્યો. બે ત્રણ મહિના વેકેશન ભોગવી લીધું અને હવે ફરીથી એમની રોજીંદી જિંદગીમાં ગોઠવાઈ ગયા. આ પણ સારું છે જૈસે થે વૈસેની સ્થિતિ પણ કઈ ખોટી તો નથી. આવા લોકો પાસે ખૂબ મજબૂત મનોબળ છે અને એમની આસપાસ ઘટતી ઘટના એમને વિચલિત નથી કરી શકતી, એમના ધ્યેય પરથી ડગાવી નથી શકતી. આ એક વરસ જ નહીં પણ આવનારા તમામ વરસો અને એની મુસીબતોનો સામનો કરવા આ લોકો તૈયાર છે!

એક ભાઈએ ડિસેમ્બરમાં જ નવી હોટેલ ચાલું કરેલી. ખૂબ સુંદર ઈંટિરિયર સાથે ગુજરાતી, પંજાબી, કાઠિયાવાડી ખાણું ખાવા બે મહિના લોકોની લાઈન લાગી અને પછી આવી ગયું લૉકડાઉન... એ ભાઈએ હોટેલની જગ્યા ભાડા પર લીધેલી. બે મહિના જેટલું કમાયા હતા એ બધું બંધ હોટેલના ભાડામાં ગયું. એમણે ફરીથી હોટેલ ચાલું કરી છે પણ ગ્રાહકો નથી. હાલના સંજોગોમાં બહાર ખાવા જવાનું બધા ટાળે એ સમજી શકાય એવી વાત છે. મને થયું એ ભાઈ હોટેલ બંધ કરીને જતાં રહેશે, પણ એમણે એવું ના કર્યું...

એમણે હાલ ભજીયા અને દાળવડા બનાવી ઘરે ઘરે પાર્સલ કરવાનું ચાલું કર્યું છે અને તમે માનશો...એ ખૂબ સારી રીતે ચાલી રહ્યું છે! આ સમય, આ વરસ નવું વિચારવાનો છે. બધાથી નોખું, બધાથી અલગ અને આપણી સાથે બીજાને પણ ફાયદો થાય એવું.

અમસ્તું,

ભરતઃ એ નિમલા તને ખબર છે અમે લોકોએ સતત એક અઠવાડીયા સુધી એક પોસ્ટ પર સામસામે કોમેન્ટ કરી, ભગવાન છે કે નહીં એ સાબિત કરવા!

નિમેષઃ ખરેખર? તારા આવા કારનામાં જોઈને ક્યારેક મને પૂછવાનું મન થઈ જાય છે, હે ભગવાન તારું શું થશે?

બાળકોને સંસ્કૃત સંસ્કૃત માધ્યમથી શીખવવું જોઈએઃ શ્રીમતી અંજુ શર્મા

ગાંધીનગર, તા. ૧૭

સંસ્કૃત ભારતી ગુજરાત દ્વારા ફેસબુક પર મનોવાણી કાર્યક્રમ ચાલી રહ્યો છે આ મંચ પરથી ગુજરાતના પ્રતિષ્ઠિત ધર્માચાર્યો, વિભિન્ન

વિશ્વવિદ્યાલયના સંસ્કૃતાભિમાની કુલપતિશ્રીઓ સંસ્કૃત જગત સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ, શિક્ષકો, અધ્યાપકો અને સંસ્કૃત અનુરાગી લોકોને સંબોધિત કરે છે.

આ શૃંખલામાં ગુજરાત સરકારના શિક્ષણ સચિવ શ્રીમતી અંજુ શર્માએ પોતાના મનની વાત કરતા અષ્ટાવક્ર ગીતા માં વર્ણવાયેલ જીવનમૂલ્યો ક્ષમા, કરૂણા, આર્જવ, સંતોષ અને સત્યનું મહત્વ સમજાવ્યું હતું.

સંસ્કૃત ભાષાનું મહત્વ ઉજાગર કરતાં જણાવ્યું હતું કે સંસ્કૃત ભારતીય ભાષાઓની જનની છે. સનાતન જ્ઞાન પરંપરા સંસ્કૃતમાં જળવાયેલી છે? તેમણે કહ્યું હતું કે હું સંસ્કૃત અંગ્રેજી માધ્યમથી શીખી છું. જો સંસ્કૃત માધ્યમથી શીખી હોત તો જીવનમૂલ્યોની આ વાત વધારે સારી રીતે મૂકી શકતી. પોતાના મનની વ્યથા વ્યક્ત કરતા તેમણે કહ્યું હતું કે હું સંસ્કૃત સંસ્કૃત માધ્યમમાં શીખી નથી તેનો અભાવ મહેસુસ કરું છું. આવનારી પેઢી આ અભાવ મહેસૂસ ન કરે એટલા માટે બચપણથી જ સંસ્કૃતને સંસ્કૃત માધ્યમમાં શીખવું જોઈએ.

તેમણે પ્રશ્ન ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે જો હિન્દી, અંગ્રેજી, ફ્રેન્ચ અને અન્ય ભાષાઓ જે તે માધ્યમમાં શીખવવામાં આવતી હોય તો સંસ્કૃત સંસ્કૃત માધ્યમથી કેમ નહીં?

સંસ્કૃત ભારતીને અભિનંદન આપતા જણાવ્યું હતું કે સંસ્કૃત ભારતી સંસ્કૃતને જનસામાન્ય સુધી પહોંચાડવાના કાર્યમાં લાગેલી છે, તેની હું સરાહના કરું છું. હું માનું છું કે હજુ પણ આ કાર્યને વધારે ગતિ આપવાની જરૂર છે. આ ભગીરથ કાર્યમાં હું હંમેશા મારો સહયોગ આપતી રહીશ.

વ્યવસાયલક્ષી તાલીમ મેળવતા

એક લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન મટિરિયલનું ઈ-લોન્ચીંગ

કોરોના - કોવિડ-૧૯ સંક્રમણના કારણે આઈ.ટી.આઈ બંધ હોઈ વ્યવસાયલક્ષી તાલીમ-અભ્યાસમાં વિપરીત અસર ન પડે તેવી નવતર પહેલ કરતું ગુજરાત

ગાંધીનગર, તા, ૧૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રવર્તમાન કોરોના કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે શૈક્ષણિક કાર્ય બંધ છે ત્યારે રાજ્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ માં વ્યવસાયલક્ષી શિક્ષણ મેળવતા ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓને ઘરે બેઠા ઓનલાઈન શિક્ષણ માટેના તાલીમ અભ્યાસ કાર્યક્રમનું ઈ-લોન્ચીંગ કર્યુ હતું.

રાજ્યભરની આઈ.ટી.આઈ.માં ચલાવવામાં આવતા ૧૨ જેટલા વિવિધ ટ્રેડમાં કોરોના સંક્રમણને કારણે થયેલ લોકડાઉન પૂર્વે બાકી રહેલો અભ્યાસક્રમ અને તાલીમ કાર્યક્રમ આઈ.ટી.આઈ. ના ૭૦૦ થી વધુ સુપરવાઈઝર-ઈન્સ્ટ્રકટર્સ દ્વારા લોકડાઉન દરમ્યાન તૈયાર કરવામાં આવ્યો અને ૨ હજારથી વધુ કલાકનું આ ઈ-લર્નિંગ મટિરિયલ ગુજરાતી ભાષામાં www. talimrojgar. gujarat. gov.in ઉપર ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

એટલું જ નહિ, તાલીમાર્થીઓ ઘરેબેઠા જ પરિક્ષાની સંપૂર્ણ તૈયારી કરી શકે તે હેતુસર ૧૨ ટ્રેડના ૧૦ હજારથી વધુ MCQની જવાબ સહિતની પ્રશ્ન બેંક-કવેશ્ચન બેંક પણ ઓનલાઈન કરવામાં આવી છે.

મુખ્યમંત્રીએ જે ૧૨ ટ્રેડ માટે આ ઈ-લર્નિંગ ઓનલાઈન મટિરિયલનો અભિનવ પ્રયોગ કરવા રોજગાર-તાલિમ નિયામક તંત્રને પ્રેરિત કર્યુ છે તેમાં મુખ્યત્વે ફિટર, વાયરમેન, વેલ્ડર, બેઝિક કોસ્મેટોલોજી, કમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ, સુઈંગ ટેકનોલોજી, ઈલેક્ટ્રિશીયન, મશીનિષ્ટ, ઈલેક્ટ્રોનિક્સ મિકેનીક, મિકેનીક ડીઝલ, અટેન્ડન્ટ ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ, મિકેનીક રેફ્રિજરેશન એન્ડ એર કન્ડિશનરનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીએ આ તાલીમ સીલેબસનું ઈ-લોર્ચીંગ કર્યુ તે અવસરે શ્રમ-રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર, શ્રમ-રોજગારના અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રા, રોજગાર તાલીમ નિયામક સુપ્રીત ગુલાટી વગેરે જોડાયા હતા.

મુખ્યમંત્રીએ રાજ્યના શાળા-કોલેજોના વિદ્યાર્થીઓનું શિક્ષણ પ્રવર્તમાન સ્થિતીમાં બગડે નહિં તે હેતુથી શાળાઓ ખૂલી ન હોવા છતાં ઓનલાઈન શિક્ષણની પહેલ કરી છે.

હવે, રાજ્યના વ્યવસાયલક્ષી - તાલીમ વોકેશનલ ટ્રેનિંગ-અભ્યાસ કરતા એક લાખથી વધુ યુવાનો માટે આ ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ શરૂ કરીને ઘરે બેઠાં ટેકનીકલ શિક્ષણનો દેશને એક નવો રાહ ગુજરાતે બતાવ્યો છે.

તદ્ઉપરાંત કેન્દ્ર સરકારની ચેન્નઈ સ્થિત સંસ્થા NIMI (National Instructional Media Institute) જે NCVT પેટર્નના વિવિધ પ્રકારના કોર્ષના અભ્યાસક્રમ મુજબ અંગ્રેજી અને હિન્દી ભાષામાં પુસ્તકો પ્રકાશિત કરે છે તે પુસ્તકો રાજ્યના તાલીમાર્થીઓને ગુજરાતીમાં પ્રાપ્ત થાય તે હેતુસર ગુજરાતી ભાષામાં અનુવાદિત આઈ.ટી.આઈ.ના ફિટર અને ટર્નર ટ્રેડના ત્રણ પુસ્તકોનું પણ મુખ્યમંત્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

ગુજરાતી ભાષામાં અનુવાદિત આઈ.ટી.આઈ.ના આ ફિટર અને ટર્નર ટ્રેડના ત્રણ પુસ્તકો ઓનલાઈન ઉપલબ્ધ થવાથી ૩૦,૦૦૦થી વધુ તાલીમાર્થીઓ લાભ મળશે.

આઈ.ટી.આઈ.ના સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરો દ્વારા તાલીમાર્થીઓને તાલીમ આપવા માટે લેશન પ્લાન, ડેમોસ્ટ્રેશન પ્લાન, ગ્રેડેડ એક્સરસાઈઝ, ઈન્ફોર્મેશન શીટ જેવા રેકોર્ડ તૈયાર કરવાની પણ તાલીમ આપવામાં આવે છે.

સમગ્ર રાજ્યમાં આ તાલીમ રેકોર્ડમાં એક સમાનતા રહે તે હેતુથી આ ૧૨ ટ્રેડ માટે સાહિત્ય તૈયાર કરી ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે, જેનાથી ૨,૦૦૦થી વધુ સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરોને પણ તાલીમ આપવામાં સરળતા અને એકસૂત્રતા રહેશે.

રાજ્યની આઈ.ટી.આઈમાં ફોરમેન ઈનસ્ટ્રકટર દ્વારા સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરો દ્વારા તાલીમાર્થીઓને આપવામાં આવતી તાલીમનું મુલ્યાંકન કરવાનું હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, ઓટોમોબાઈલ, ફેબ્રિકેશન, આઈ.ટી.સેક્ટર તેમજ સ્ટોરને લગતી બાબતો આવરી લઈ ૪ માસની પ્રાયોગિક તાલીમ આપવા માટેના અભ્યાસક્રમનું સુપરવિઝન માટે ઈ-લોન્ચિંગ પણ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના મુખ્યમંત્રીશ્રીઓ સાથે યોજેલી વિડીયો કોન્ફરન્સ બેઠકની શરૂઆત ચીન સાથેના સંઘર્ષમાં ભારત દેશની રક્ષા માટે પોતાના પ્રાણની આહુતિ આપનારા વીર સેનાનીઓને બે મિનીટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપીને થઈ હતી. ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા આ બેઠકમાં જોડાયેલા ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ પણ આ વીર શહિદોની શહાદતને કૃતજ્ઞતાપૂર્વક વંદન કરતાં બે મિનીટનું મૌન પાળ્યું હતું અને ભારત માતાના આ સપૂતો પ્રત્યે આદરાંજલિ અર્પણ કરી હતી.

વિશ્વ યોગા દિવસ નિમિતે રાષ્ટ્રીય સેવા યોજના એકમના કોરોના યોદ્ધાઓ હવે,

સ્વાસ્થ્ય યોદ્ધાઓ તરીકે તાલીમ આપે છે

ગાંધીનગર, તા. ૧૭

ગૂજરાત વિધાપીઠના સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિધાર્થીઓ વિશ્વ યોગા દિવસ નિમિતે રાષ્ટ્રીય સેવા યોજના એકમના કોરોના યોદ્ધાઓ હવે સ્વાસ્થ્ય યોદ્ધાઓ તરીકે પરિવાર અને અન્ય લોકોને નિયમિત યોગ અને પ્રાણાયામની તાલીમ આપી રહ્યા છે અને લોકોને નિયમિત યોગ તાલીમ દ્વારા રોગ પ્રતિરોધક શક્તિ વધારી રહ્યા છે વિશેષમાં સ્વયમ સેવક શ્રી જીનાલી મોતા, શ્રી દેવાશીષ મોહંતી, હસ્તી વેગડ, નીતા પરમાર લોકોને યોગ અને પ્રાણાયામની તાલીમ આપી રહ્યા છે વિશેષમાં જણાવવામાં આવે છે કે આ ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગમાં સંપૂર્ણ ગૂજરાતની શ્રેષ્ઠ શારીરિક શિક્ષણ સંસ્થા તરીકે શારીરિક શિક્ષણ અને યોગ વિષયના વિવિધ અભ્યાસક્રમો ચલાવવામાં આવી

રહ્યા છે અને આ સંસ્થાના શારીરિક શિક્ષણ અને યોગમાં તૈયાર કરેલા વિધાર્થીઓની આખા ગુજરાતમાં વિવિધ સ્કૂલો અને સંસ્થાઓમાં ખુબજ માંગણી રહે છે અને હાલમાં વિશ્વ યોગ દિવસ નિમિત્તે રાષ્ટ્રીય સેવા યોજના એકમના ૯૫ સ્વય સેવકોને ૧૫ જૂથોમાં વહેચવામાં આવ્યું છે અને તેમને સોશલ મીડિયાના વિવિધ માધ્યમો દ્વારા જેવાકે ઝૂમ એપ્પ અને ગૂગલ મીટ એપ્પનું ઉપયોગ કરી રોજ સવારે ૭:૦૦ વાગે થી ૮:૦૦ વાગે સુધી પોતાના પરિવાર અને સગા સંબંધીને નિયમિત યોગ અને પ્રાણાયામ ઔર ધ્યાનની તાલીમ આ વર્ષ વિશ્વ યોગ દિવસની થીમ "યોગા એટ હોમ એન્ડ યોગ વિથ ફેમેલી" અંતર્ગત આપી રહ્યા છે જયારે વિશેષમાં કચ્છના મસ્કા ગામની રાષ્ટ્રીય સેવા યોજના એકમની સ્વય સેવિકા શ્રી જીનાલી મોતા તેમના ગામની આશા વર્કરો સાથે રહી ભારત સરકારના સોશલ ડિસ્ટન્સ અને માસ્કના નિયમોના પાલન કરી ગામના લોકોને પાંચ દિવસ સુધી યોગ અને પ્રાણાયામની તાલીમ આપી રહી છે સમાજના લોકો યોગ વિષય જાણે અને તેના લાભ લઈ પોતાના જીવનને સ્વસ્થ અને નીરોગી રાખી શકે આ હેતુથી આ પાંચ દીવીસીય યોગ, પ્રાણાયામ અને ધ્યાનની તાલીમ શિબિરનો આયોજન કરવામાં આવ્યું છે પૂર્વમાં સંપૂર્ણ લોક ડાઉન દરમ્યાન પણ કોરોના મહામારીની સામે રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વય સેવકો યોગની તાલીમના લીધે પોતાની રોગ પ્રતિરોધક શક્તિમાં વૃદ્ધિ કરવામાં આવી હતી અને બીજા સગાસંબંધીઓ અને અન્યને સોશલ મીડિયાના માધ્યમથી યોગ કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યું હતું આ તાલીમ શિબિરના આયોજન અને સંચાલનમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટનો ફાળો રહેલો છે.

શ્રી સ્વામિનારાયણ મંદિરે યોગિની ભાગવત એકાદશીએ સ્વામિનારાયણ બાપા સ્વામીબાપાને પુષ્પોનો મનોરમ્ય શણગાર

૨૨૦ વર્ષ પહેલાં આજના શુભ દિવસે શ્રી નિલકંઠ વર્ણીનો સદ્ ગુરુ શ્રી રામાનંદ સ્વામી સાથે પ્રથમ મેળાપ થયો સંવત ૧૮૫૬ પીપલાણમાં જેઠ વદ એકાદશી - યોગીની ભાગવત એકાદશીના પાવન

દિને શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અનુજ્ઞાથી પૂજનીય સંતો દ્વારા જૂઈ, ડોલર, મોગરા તેમજ ગુલાબ સહિતના ફૂલોનો શણગાર કરવામાં આવ્યો હતો.

વૈશાખ માસની કાળઝાળ ગરમીમાં ભગવાનને ઠંડક પ્રાપ્ત થાય તેવા ભકિતભાવથી આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ ભગવાનને રંગબેરંગી વિશિષ્ટ ફૂલોના શણગાર ધરાવવામાં આવ્યા હતા.

કોરોના વાઈરસથી સંકમિત મનુષ્યો જલ્દી જલ્દી સાજા થાય તદર્થે શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજે સ્વામિનારાયણબાપા સ્વામીબાપાને પ્રાર્થના કરી હતી.

માર્ચ એચ.એસ.સી. પરીક્ષા-૨૦૨૦માં સમગ્ર રાજ્યમાં લીંબોદરા કેન્દ્રને તૃતીય સ્થાન

માણસા, તા. ૧૭

ધોરણ-૧૨ એચ.એસ.સી.ની માર્ચ-૨૦૨૦ની પરીક્ષામાં પી.પી.આર. શાહ હાઈસ્કૂલ લીંબોદરાની વિદ્યાર્થીની વાઘેલા સ્નેહલ મહેન્દ્રસિંહ ૮૫.૪૩ ટકા માર્કસ પ્રાપ્ત કરીને સમગ્ર લીંબોદરા પરીક્ષા કેન્દ્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને હાઈસ્કૂલનું તેમજ લીંબોદરા ગામનું ગૌરવ વધારેલ છે. તે બદલ લીંબોદરા સેવા સમાજના પ્રમુખ નરેશભઆઈ શાહ, ગામના સરપંચ રણજિતસિંહ વાઘેલા તથા શાળાનાં આચાર્ય તેજસિંહ પરમાર

તથા સમગ્ર શાળા પરિવાર અને ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવેલ છે.

વધુમાં સાથે જણાવવાનું કે લીંબોદરા પરીક્ષા કેન્દ્રનો ગાંધીનગરમાં ૯૫.૭૯ ટકા પરિણામ સાથે પ્રથમ સ્થાને તેમજ સમગ્ર રાજ્યમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

ચંદ્રાલા શ્રી જયોતિ વિદ્યામંદિરનું ગૌરવ

ચિલોડા, તા. ૧૭

ચંદ્રાલા સ્થિત શ્રી જયોતિ વિદ્યામંદિર ચાલુસાલે માર્ચ ૨૦૨૦માં લેવાયેલ ધોરણ-૧૨ની બોર્ડી પરીક્ષામાં ખૂબ જ સારું પરિણામ ૭૫ ટકા મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. તેજસ્વી તારલા તરીકે પ્રથમ નંબરે પરમાર આરતીબેન અ



૮૮.૩૯, પી. આર. બીજા નંબરે પ્રજાપતિ સીમલાબેન એસ. ૮૧.૯૯, પી.આર. તથા તૃતીય નંબરે મકવાણા છાયાબેન બી ૭૪.૮૬ પી.આર., આ શાળામાં આર્ટસ તથા વાણિજ્ય બંને પ્રવાહનું શૈક્ષણિક કાર્ય ચાલે છે. નિષ્ઠાપૂર્વકની શૈક્ષણિક સ્ટાફની મહેનતથી ઉત્કૃષ્ઠ પરિણામ મેળવવામાં યશભાગી બન્યા છે. જે અંગે શાળાના પ્રમુખ તથા આચાર્યાએ ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને તથા શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

ડાયરેક્ટ સે

ખટકું તો એને છું,
સાહેબ જ્યાં હું
નમતો નથી...
બાકી જેને ગમું છું
તે
ક્યાંક નમવા પણ
દેતા નથી...

જન્મદિને વધામણી

રવીન્દ્રકુમાર
ચિત્તરંજન રાવલ
મો. ૯૯૦૪૦ ૭૬૪૭૩

નિધિ
બંકિમકુમાર ઠાકોર
મો. ૯૯૭૪૮ ૧૩૧૦૧

કવિશા વિપીન શાહ
મો. ૯૮૨૪૫ ૨૧૩૬૭

અનિલ બોટાદરા
મો. ૭૬૨૩૯ ૨૦૯૯૩

દર્શન રોહિત
બ્લેક બેલ્ટ ચેમ્પિયન
મો. ૯૯૭૪૪ ૪૪૮૪૪

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

સચેત રહો
સુરક્ષિત રહો